

## જયપ્રકાશની જીવનયાત્રા

કાન્તિ શાહ

યજ્ઞ પ્રકાશન (વડોદરા)

પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર, ૨૦૦૧, કિંમત : રૂ. ૭૦, પાનાં : ૨૪૮

૧૯૮૧માં પ્રગટ બૃહદ ગ્રંથ 'જયપ્રકાશ'માં અપાયેલ જયપ્રકાશ નારાયણની જીવનયાત્રામાંથી જે.પી.ના જીવનનું સંક્ષિપ્ત આધારભૂત ચરિત્ર-આલેખન.

"જયપ્રકાશની જીવનજાત્રાનું જે વર્ણન કરાયું છે, તે ભાવનાનિષ્ઠ છે અને વસ્તુનિષ્ઠ પણ છે. અહીં ભાવનાનિષ્ઠા અને વસ્તુનિષ્ઠા બંને જળવાયાં છે. લેખકે જે.પી.ના જીવનનું મીઠું વિવરણ કર્યું છે અને સાથોસાથ વસ્તુનિષ્ઠા પણ જાળવી છે. બંનેનો સમન્વય નહીં, સંતુલન અહીં સધાયું છે. સત્યને ક્યાંય આંચ આવવા દીધી નથી... અહીં જે.પી.ના અંતરંગમાં જવાની કોશિશ થઇ છે, અને તે ઘણી હદ સુધી સફળ થઇ છે એમ હું કહી શકું. આ વાંચવામાં જેટલું રોચક છે, એટલું જ ઉદ્બોધક પણ છે. જયપ્રકાશજીના વૈવિધ્યપૂર્ણ વિભૂતિમત્વનાં સુભગ દર્શન આપણને આમાં થાય છે."

– દાદા ધર્માધિકારી



## જય સોમનાથ

ક.મા.મુનશી

ગૂર્જર પ્રકાશન (ભારતીય વિદ્યાભવન, મુંબઇ વતી)

પ્રથમ આવૃત્તિ (તેરમું પુનર્મુદ્રણ) : ૨૦૦૫, કિંમત : રૂ. ૧૨૫, પાનાં : ૬ + ૨૩૮

*સોમનાથ પર મહમૂદ ગઝનીના આક્રમણનો કાલ્પનિક ઘટનાક્રમ વર્ણવતી નવલકથા*

'ઘોઘાબાપાએ જરીના વાઘા સજ્યા, માથે બાંધી કેસરી પાઘડી, ગળે પહેર્યો રાતાં પુષ્પોનો હાર. ચૌહાણ વંશના વીરો તૈયાર થયા. મેં થાળ ભરી દેવ પૂજ્યા, કેસરિયા વીરોને કર્યા કુમકુમ ચાંદલા, ને આશીર્વચન ઉચ્ચાર્યાઃ 'યાવચ્ચંદ્રદિવાકરૌ તપજો ઘોઘારાણાનો યશ.' દરવાજા પાસે મને બાપાએ બોલાવ્યો ને બધા સાંભળે એમ કહ્યું : 'નન્દિદત્ત, તારા બાપે મને રાજ્યતિલક કરી ગાદી દીધી. તેં આજે મને સ્વર્ગે જતાં વિજયમાળા પહેરાવી. બ્રહ્મદેવ, મને વચન આપ. ચૌહાણવીરો પડે કે એમની સતીઓને અગ્નિદેવને અર્પજે. કેમ છોકરીઓ!' બાપાએ ઝરૂખે કુમકુમ અક્ષત લઇને ઊભેલી વીરાંગનાઓને સંબોધી : 'અમારી જોડે કૈલાસે આવવાની હિંમત છે કે?' ને તે હસ્યા – જાણે લગ્નમંડપે કુટુંબીજનોને નોતરતા હોય એમ.



## જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર

મૃદુલા મહેતા

હરિ ઓમ આશ્રમ (નડિયાદ)

પહેલી આવૃત્તિ : ૧૯૬૭, ત્રીજી : ૨૦૦૧, કિંમત : રૂ. ૨૦, પાનાં : ૨૬૦

અમેરિકાના નીગ્રો વનસ્પતિશાસ્ત્રી કાર્વરની આ સુંદર જીવનકથા છે. ગુલામ મા-બાપ ગુમાવી ચૂકેલા, માયકાંગલા, વાતચીતમાં ખામી ધરાવતા જ્યૉર્જને ઝાડપાન સાથે અદ્ભુત દોસ્તી હતી. થોડુંક નિશાળનું શિક્ષણ ઘણી હાડમારી સાથે મળ્યું. સારા માણસોય મળતા ગયા, વનસ્પતિ પરના પ્રયોગો આગળ ચાલ્યા... બટાટાની ૧૧૮ જેટલી ચીજો બનાવવાની રીતો તેમણે શોધી. રાતદિવસ લેબોરેટરીમાં મગફળી પર કામ કરીને તેમાંથી ક્રીમ, દૂધ, મેયોનીઝ, ચીઝ, તેલ, લિનોલિયમ એવી ત્રણસો જેટલી બનાવટો તેમણે શોધી. કાર્વરે પોતાના સંશોધનમાંથી કશુંય કમાઇ લેવાનો મોહ ન રાખ્યો. Plenty for all, everything used, nothing wasted એ કાર્વરનું સૂત્ર હતું. કાર્વરના નામની શાળાઓ અને સંસ્થા અમેરિકામાં છે.

## જીવતર નામે અજવાળું



મનસુખ સલ્લા

આર.આર. શેઠની કંપની

પહેલી આવૃત્તિ : ૨૦૦૧, કિંમત : રૂ. ૯૫, પાનાં : ૨૦૦

વ્યક્તિચિત્રો.

મનુભાઇ પંચોળી 'દર્શક' એ સ્થાપેલી ગ્રામ અને કૃષિશિક્ષણ સંસ્થા 'લોકભારતી'ના એક પૂર્વ આચાર્ય મનસુખ સલ્લાએ આ પુસ્તકમાં લખેલાં ૨૩ વ્યક્તિચિત્રોમાંથી અગિયાર 'લોકભારતી' પરિવાર તેમ જ સણોસરા-મણાર-આંબલા પરિસર સાથે સંકળાયેલી નોંધપાત્ર વ્યક્તિઓનાં છે. સાથે લોકભારતીના હિસાબનીશ માનસિંહબાપુ, કલાઇવાળા અલીભાઇ, હાડોહાડ શિક્ષક એવા ભાવનગરની મહિલા વિદ્યાલયના આચાર્ય ચુનીભાઇ શાહનો સમાવેશ થાય છે. તદુપરાંત 'સ્થિરજ્યોત ઘૃતદીપ' નાગરદાસ શ્રીમાળી, 'એકનિષ્ઠ બાલોપાસક' લાલચંદભાઇ વોરા, 'ઘસાઇને ઉજળા' ભાઇદાસ પરીખ, 'ઉમદા માનવી, ઉત્તમ શ્રેષ્ઠી' બળવંતભાઇ પારેખ, 'અનોખા ચિકિત્સક ડૉ. જય સંઘવી, દાદા ધર્માધિકારી, જુગતરામ દવે જેવા મહાનુભાવો વિશે પણ અહીં સલ્લાભાઇની ઉજાસભરી શૈલીમાં વાંચવા મળે છે.



## જીવનનું પરોઢ

પ્રભુલાલ છગનલાલ ગાંધી

નવજીવન પ્રકાશન મંદિર

પ્રથમ આવૃત્તિ : ૧૯૪૮, કિંમત : રૂ.૧૫૦, પાનાં : ૬૪૪

*'મેકિંગ ઓફ મહાત્મા'ની સામગ્રી પૂરી પાડતી, ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના જીવનની પ્રથમદર્શી વિગતો અને ગાંધીકુટુંબનો ઈતિહાસ ફિનિક્સ આશ્રમના રહેવાસી- ગાંધીજીના કુટુંબીની કલમે*

મેં બૂમ મારી : 'લામદાશકાકા, એ લામદાશકાકા!' બાપુજીએ તરત મને ભોંઠો પાડતાં કહ્યું, 'લામદાશ શું કહે છે, રામદાસ બોલ!' મેં ફરી કહ્યું 'લામદાશ.' એટલે બાપુજીએ અમને બધાને કહ્યું, 'છોકરાઓ બોલો, હિપ્ હિપ્ હુર્‌ર્‌ર્‌રે'. બધાએ બાપુજીથી પણ ઊંચે સાદે સાદ મેળવ્યો, 'હિપ્ હિપ્ હુર્‌ર્‌ર્‌રે'. બાપુજીએ ફરી ફરી ઊંચે સાદે અમને એ બોલાવ્યું. ફિનિક્સની દિશાઓ ગાજી ઉઠી. પાંચ છ વાર હુર્‌ર્‌ર્‌રે બોલાવી લીધા પછી બીજાને બંધ કરી મને એકલાને બોલાવ્યું. હું બરાબર બોલ્યો, એટલે પછી મને કહે, 'બોલ, હર્‌ર્‌ર્‌ર્ રામદાસકાકા'. હું બોલ્યો, 'હર્‌ર્‌ર્‌ર્ રામદાસકાકા'. અનેક વાર એ રીતે કરાવ્યા પછી મારો 'લ'નો 'ર' થયો. 'લ'નો 'ર' એ બાપુજી પાસેથી મને મળેલો પહેલો પાઠ હતો.